# વિનયલાભ   Chap- 12

૨૯૬ ખરતરગચ્છીય સુમતિસાગર - સાધુરંગ - વિનયપ્રમોદ શિષ્ય વિનયલાભ પણ, જૈન પરંપરામાં એક સારા કવિ થઈ ગયા. સં. ૧૭૩૦, પોષ વદ ૨, સોમવાર (મુલતાનમાં) તેઓ 'વચ્છરાજ દેવરાજ ચોપઈ' રચી છે. 'સવૈયા બાવની' નામની ૫૬ કડીની તેમની નાની કૃતિ પણ નાહટા સંગ્રહ - બિકાનેરમાં મળે છે. સં. ૧૭૪૮માં આસો વદ ૭ના રોજ તે 'સિં.બ.'- વિક્રમ ચોપઈ રચી છે.

વિનયલાભની 'સિં.બ.'ની હસ્તપ્રત શ્રી અભય જૈન ગ્રંથાલય, બિકાનેરમાંથી મળી છે. એની પત્ર સંખ્યા ૭૧ છે અને પ્રતિ સંખ્યા ૪૦૩૬ છે. આખી પોથી સુંદર, સ્પષ્ટ અક્ષરે લખાયેલી છે અને અખંડ છે.

આ સિં.બ.ની રચનામાં વિનયલાભ મોટેભાગે હીરકલશને અનુસરે છે. એની માફક જ આ પણ પ્રાસ્તાવિક વાર્તા - ભર્તૃહરિની વિક્રમના ચરિત્રની વાર્તામાં પોતાની કૃતિનો પ્રારંભ કરે છે. જે વિગતો હીરકલશે વિસ્તારપૂર્વક આપી છે તે વિગતો થોડીક ટૂંકાવીને વિનયલાભે આપી છે. આમ જ હીરકલશની માફક તે આડકથાઓમાં કૌશલ નગરીના બ્રાહ્મણની, પોપટ ને સિંહની અને મગધ અને વૈતાળની વાત ટાંકે છે. કેટલેક સ્થળે પંચાખ્યાનના ઉલ્લેખો આપે છે. વળી અનેક શ્લોકો અવતરણ તરીકે વાર્તામાં રજૂ કરે છે, પણ એમાં હીરકલશ જેટલો વિસ્તાર નથી. કેટલાક શ્લોકો, દુહા અને ગાથાઓ તો એણે છોડી દીધાં છે.

આ કવિમાં જૈન અસર, એના પુરોગામી હીરકલશની માફક જ જણાઈ પડતી છે. પ્રથમ વાર્તામાં જ્યાં જ્યાં પ્રસંગ આવે છે ત્યાં ત્યાં જૈનધર્મના પ્રભાવનું રસમાં કવિએ કુશળતાપૂર્વક કર્યું છે. વિક્રમને સિદ્ધસેન દિવાકરની અસર નીચે જૈન બનતો અને પાર્શ્વનાથની સ્તુતિ તેમ જ પૂજા કરતો વર્ણવ્યો છે. રાસમાં પણ કોઈક કોઈક સ્થળે એને જૈન મંદિરોમાં પૂજા કરતો વર્ણવ્યો છે. શત્રુંજયના ઉલ્લેખ પણ મળે છે. તેમ છતાં આ કવિ રામાયણ, મહાભારત, પુરાણ, પંચાખ્યાન વગેરેના ઉલ્લેખો રજૂ કરે છે, એ રીતે એનું બહુશ્રુતપણું પ્રગટ થાય છે.

આ કૃતિમાં મારવાડી ભાષાની અસર સારી જોવા મળે છે. કવિએ પોતાની સમગ્ર કૃતિમાં 'અઇ' કે 'એ'ને બદલે 'ઐ' રૂપાત્મક રીતે વાપર્યો છે. એવી જ રીતે 'અઉ' કે 'ઓ'ને બદલે મોટે ભાગે 'ઔ'નો પ્રયોગ કર્યો છે.

---

મોહનલાલ દ. દેસાઈ,
૨૮ જૈન ગુર્જર કવિઓ, બીજો ભાગ, પૃ. ૩૪૬, ~~શ્રી મોહનલાલ દ. દેસાઈ~~
મો. દ. દેસાઈ,
૨૯ જૈન ગુર્જર કવિઓ, ત્રીજો ભાગ, ખંડ બીજો, પૃ. ૧૩૧૯, ~~મો. દ. દેસાઈ~~

૨૨૭

આગળ આવતાં જે ઉદાહરણો જોઈશું તેમાંથી આ વસ્તુ સ્પષ્ટ થશે. તે ઉપરાંત 'થાળી' 'બંધણ' જેવા શબ્દોમાં આવતો 'ન' ને બદલે 'ણ'નો પ્રયોગ, 'તાહરી', 'પતિયાંણી', 'બાંળણ', 'ઔઘો', 'ભોરા', 'સોનો' (સોનું), 'થઉ' (તારે), 'થાંરી', 'મોરી', 'સહેલ્યાં', 'બૂંદીશ' (બુંદીયો), 'સાજણો', 'મૂતલો' (મૂતળું), 'મૂંદિયા' (મૂળનું), 'ઉતરાં' (આરતા), 'થારો' (તારો), 'ઉભલો' (ઉભલો) વગેરે પ્રયોગોમાં પણ – એટલી જ મારવાડીની અસર સ્પષ્ટ વરતાય છે. એમ લાગે છે કે કવિ લાંબા સમય સુધી એક કે બીજે કારણે મારવાડમાં રહ્યા હોવા જોઈએ.

એમણે સામાન્ય રીતે જાણીતા ગેય ઢાળો પસંદ કર્યા છે અને આખી વાર્તા ખૂબ જ લલકારીને પ્રજા આગળ વાંચી બતાવાતી હોય એ રીતે આ ઢાળો જોતાં કોઈ શંકા રહેતી નથી. ઢાળમાં પણ મારવાડીની અસર સ્પષ્ટ રીતે દેખાય છે. આ કવિએ પોતાની કૃતિને અત્યાર સુધીની આ વિષય ઉપર મળતી બધી કૃતિઓમાં સૌથી વધુ ગેય બનાવી છે, તે પણ આવા ઢાળને કારણે જ. આ ઢાળોની ખુબસૂરત વિશે તો સંગીતજ્ઞો જ નિશ્ચિત અભિપ્રાય આપી શકે, પણ જેના કાન લયબદ્ધ લોકઢાળથી ટેવાયેલા છે એવા સામાન્ય માણસોને પણ, ગુજરાતમાં વસતા મારવાડીઓ, હોળી, લગ્ન કે ઉત્સવ પ્રસંગે જે પ્રકારના જે લયવાળા રાગ ગાય છે તેવા આ રાગ છે – એવી પ્રતીતિ સહેજે પણ થાય જ છે. એમણે પસંદ કરેલા કેટલાક ઢાળ, આપણી કલ્પનાને અનેક પ્રકારનાં અનુભાવો સાથેની પશ્ચાદ્ભૂમિકા પૂરી પાડે છે. એમણે ૨૬મી વાર્તામાં (પૃ. ૬૧ 'બીજને આંતે શરૂ થતી') જે ઢાળ આપ્યો છે તે ભવાઈમાં ઝંડાના વેશમાં આવે છે તેમ, કોઈ હિંદુ સ્ત્રી અને મુસ્લીમના પ્રેમનું સૂચન કરતો હોય એમ લાગે છે. જેમ કે :–

હું તો થારી કામણ આઈ હો જલાલખાંન,
થારે લઈ મોરી મનાર ન જાય હો જલાલખાંન !

કવિએ બધા મળીને પોતાની કૃતિમાં ૬૮ ઢાળ આપ્યા છે અને તેનો ઉલ્લેખ એ કેટલે ગર્વપૂર્વક વાર્તાને અંતે કરે છે. ભલે કે આવા ઢાળની ગૂંથણીમાં એ દુહા અને ચોપાઈને પણ ગૂંથે છે ખરો; પણ મોટાભાગના ઢાળ ગેય છે અને કવિ દુહા ચોપાઈ જેવા છંદોમાં પાછળ એક બાજુનું ધ્રુવપદ ઉમેરીને આખી કૃતિમાં ગેયતાનો રંગ ઉમેરે છે. આ વાર્તાઓમાંનું આ વિશિષ્ટ લક્ષણ છે અને સંગીત તેમજ પિંગળના અભ્યાસીઓને માટે આ કૃતિમાં મહત્વની સામગ્રી પડી છે એમ જરૂર કહી શકાય.

૨૮મી વાર્તામાં –

'મ્હારા મારૂડા રે બાદલવરણી ઉઠળી તે દેખી રે'

તેમજ ૨૯મી વાર્તામાં – 'ઝુલ ઝુલ કેલીઆં નાળીએર આઈ' (સોરઠ આખરી)

તેમ જ ૩ જી વાર્તામાં –

'સહેલ્યાં હે લંબો ઝુંબો ચરસીંનો ગોરે
આજ તો હિંડોરો બાંધ્યો મીની જ ગોરી લાલ'

તેમ જ ૧૦મી વાર્તામાં – 'પરદેસીશું પ્રીત ન કીજે રે'

તેમ જ પ્રાસ્તાવિક વાર્તામાં – 'તું તો મ્હારો વાલિંભ રે ગુજરાત કો'

તેમ જ એ જ વાર્તામાં – 'મોરે પિયરી મંદિર કોઈ આવે રે મોરે બાલમાં દે'

તેમ જ ત્રીજી વાર્તામાં – 'જોગીયા હું અંગારે વાગ લગાઉં
હું તો ફૂલડાં રે મિલિ જાઉં રે
આ સહાગાર રે જોગી'

તેમ જ ચૌથી વાર્તામાં – 'સાસૂજીરા જાયા હો લાલ –
આછી બહાંદ બિલાઓ હો –
જેડ મ્હારી વાજણી હો'

તેમ જ ૧૧ મી વાર્તામાં – 'અબ તુમ આવો વૃંદાવનચંદ બિહારીલાલ હો – – –'

તેમ જ ૧૨ મી વાર્તામાં – 'અંબર દેઉ મુરારી લ્યાવો અંબર' – (રાગ રામગિરી)

તેમ જ ૧૪મી વાર્તામાં – 'સાત કૂવા નવ બાવડી, મહીં ભરે પનિહાર રે,
કાય ઘડા ઉતરયો જોબન મહાં કોના રહ્યા – – –

તેમ જ એ જ વાર્તામાં – હો કાંઠુંડા હુતો થાઉં તોમરો જાઉં,
સેરડલી સાંભળ મિલ્યારો
જીભા ભાલાળપ્રા ઊંચા તો ભાલાઓના કાંઠુંડા
મોઠડા થારા બચન – – – કાંઠુંડા હું તો થાંઉં'
(રાગ મરજીઓ)

એવા ઢાળ આ કવિએ નમૂના તરીકે લીધા છે અને પોતાનું વક્તવ્ય એ ઢાળની અનુકૂળ ભાષામાં મૂક્યું છે. આ ઢાળ મોટે ભાગે લોક સાહિત્યમાં જે ભાવો પ્રગટ થતા હોય તે જ ભાવોને વ્યક્ત કરે છે અને એમાં પ્રેમના ભાવ કોઈને કોઈ સ્વરૂપે ~~વ્યક્ત કરે છે અને એમાં પ્રેમનો ભાવ કોઈને~~ પ્રગટ થતો દેખાય છે.

આ કૃતિનાં બીજાં વિશેષ લક્ષણો, કવિની વર્ણનશક્તિ, અલંકારનો ઔચિત્યપૂર્વક એનો ઉપયોગ કરવાની વૃત્તિ, સ્થળે સ્થળે આવતાં સામાન્ય વિધાનોનો પણ વાર્તામાં રીતકુશળતાની માફક વિનિયોગ કરવાની વૃત્તિ અને તે વખતની સામાજિક સ્થિતિનું પ્રતિબિંબ પાડવાની કલામાં સમાઈ જાય છે.

કવિએ સિંહાસનનું વર્ણન બીજા કવિઓની જેમ સામાન્ય રીતે કર્યું છે. ભર્તૃહરિના રાજ્યનું એણે કરેલું વર્ણન ધ્યાન ખેંચે એવું છે. એ જ વાર્તાને કવિએ સારી રીતે બહલાવી છે – ત્યાં એણે પ્રવાહી ભાષામાં આખીય વાર્તા સરસ રીતે રજૂ કરી છે. વેતાલ અને વિક્રમના યુદ્ધનું વર્ણન ધ્યાન ખેંચે એવું છે તેમ જ શાલિવાહન ને વિક્રમના યુદ્ધનું એણે કરેલું

૨૯

વર્ણન ઓજસયુક્ત વીરરસના નિરૂપણમાં જામ્યું છે:-

આગલી આગલી સેનમેં, રામ સજે અતિ જોર ।
મોટે મીરાંણે તિહાં, ધાઉ પાડે ઘનઘોર ॥ ૪॥
ઘોડાં પાખર ઘરહરે, ગાજે ગડે ગજગાહ ।
નીખા ભાખા જલહલેં, ખલકે ખોલ કનાહ ॥ ૫॥
બાખરિ બૈઠા બડખે, રણગાલિયા રણભૂમિ ।
ખડગ ખડાખડ આંખડીહ, અવર રાઈ ગિરાઉ ॥ ૬॥
ગજ હંકૂસલ ઊપરા, ઓરાકી આરોહી ।
ઘાંઘોલો ઠાહ્યે ઘણો, સાંગ ઘમક્કા હોઈ ॥ ૭॥
ધડ નાચૈ દીપતિ ઘણા, સિર વિણ વઢે સુસૂર ।
આતેં રિણ ભાતેં રણેં, જિમ ભાય અરસૂર ॥ ૧૩॥

એવી જ રીતે છઠ્ઠી વાતમાં નારીઓનો વનવિહાર કવિ સુંદર રીતે વર્ણવે છે. ઉપરના અવતરણમાં વીરરસને અનુકૂળ વ્યંજનો વગેરેનો ઉપયોગ કરીને કવિએ રીતિ સંબંધી પોતાના જ્ઞાનનો પરિચય આપ્યો છે તો આ વિહારવર્ણનમાં જે લલિત શૃંગારનું વર્ણન કરવાનું છે તેને અનુકૂળ મધુર ભાષા પણ કવિ યોગ્ય રીતે પ્રયોજી શક્યા છે:-

'પદમ રંગાગિ નયન પદમિનિ કે મિલિત અંચલ ચોરી ।
'હંસગમનિ હસ્તિનિ તે નારી, સંખિનિ ધાઘર ઘોરી ॥૮॥
કે જલકેલિ કરેં સરવર મેં, કેલા ઘર કોઈ ખેલે ।
મધુર સ્વર વાંસલી બજાવેં, કે મુખ ચંદ સુજોવે ॥ ૯॥
કેઈ વીણ તે નાચે જલલ કરેં, રીત સ્વર કરિ ગાવેં ।
મધુર મૃદંગ ધરિ ગાજેં, કેઈ અનુપમ ભાવે ॥ ૧૦॥
અભિનય નૃત્ય કરે કોઈ નાયિકા, હાવ ભાવ ગતિ સાહે ।
કોકિલ કંઠ ભાર રૈર જો, નાદ જગત મન મોહે ॥ ૧૧॥

અલંકારો કવિઓ, પોતાના કાવ્યમાં સર્વત્ર સુંદર છવાયા લેખે છે. એમનો પ્રિય અલંકાર ઉપમા છે. તે ઉપરાંત ઉત્પ્રેક્ષા, રૂપક, અપ્રસ્તુતપ્રશંસા, વર્ણ-સગાઈ, પરિસંખ્યા જેવા અલંકારો સુંદર છવાયા જોવા મળે છે. જુઓ—આ

<u>ઉપમાઓ</u>:- મહોનમત મૈગલની પરિ, મહિષ તણી પરિ સૂર ।

ઈમ સૂરાંના રમણિ વખાણી, રવિ કિરણો પ્રહ કૂરા ।
વીર વૈતાલ તણી બલ પૂરા, જિમ લંકા રામ સૂરી ॥ ૬ ॥ (છં.૧૯ વાં)

સુર પયડાણ ભણી ચલ્યો, જિમ સાયરની લોલિ

- - - - - - - - - - જાય એક દુઃખ દેહ।
અંતર નિત રાખો નહીં, જિમ જાય માંસ સનેહ ॥ (વાર્તા ૧૫, પૃ.૨૭ બ)

<u>ઉત્પ્રેક્ષા</u> :- ગંધ લુબ્ધ મધુકર અતિ ગુંજતિ, પુષ્પિત ફૂલ તરુ નવીય।
આંબ મઉરી પિક બોલે માંનુ, કામ દુહાઈ ફેરી ॥૫॥ (પૃ.૩૭ બ)

<u>વર્ણસગાઈ</u> :- દક્ષિણ પવન વહિ કહા નચાવિ, પ્રિય બાતિ જ જુકાવે।
પરમ નરમ દિન ગરમ ન શીતલ, પુંગ્ન ભીના વિધુ ભાવે ॥૬॥

આ બેઉમાં વર્ણમાધુર્ય તરત ધ્યાન ખેંચે એવું છે.
કવિનો સ્વભાવોક્તિ અર્થાન્તરન્યાસનો કરવાની વધારે ફાવટ છે:-

'સાજન દુરજન આંખરો રે, તજે ન સહજ સુભાય।
નીંબ ન છંડે કટુકતા, અરુ ચંદન શીતલતા ॥૨૪॥ (પૃ.૫૧ બ)

કવિએ કેટલીક વખત પંક્તિઓમાં અંતઃપ્રાસ પણ યોજ્યા છે. જુઓ એક નમૂનો:-

'નિરમલ જલ પંકજદલ <u>સોલી</u> <u>કેલી</u> કરિ નિદા આવે।

કાદંબરીમાં વૈશંપાયનની શુકની વાર્તામાં આવે છે એવું પરિસંખ્યા-અલંકાર-યુક્ત વર્ણન વિક્રમનું રાજ્ય વર્ણવતાં કવિએ કર્યું છે. ઉદાહરણ તરીકે:-
(પૃ.૨૬ બ ઉપર) કવિ કહે છે-

'બંધન ચોટી કેર'

'મૌતીહાર પરોવતાં દેખો મરના છિદ્ર'।

રાજાની વાર્તામાં, વિક્રમના રાજ્યમાં લોકોનું વર્ણન કરતાં કવિ કહે છે:-

'મૂક હુવે પરનિંદા અવસર, પરસ્ત્રી દરસણ અંધ રે।
પરધન હરિવા પંગુ સઘળા, લોક વસે નિરંધ રે ॥૬॥
સેવકને વિણ કોઈ વિસન ન સેવે, દાનવ્યસન દિનરાતિ રે।
દેવ ધર્મ ગુરુ તત્ત્વ આરાધે, વસે લોક વિખ્યાત રે ॥૭॥ (પૃ.૩૯ બ)

સામાન્ય વિધાનો કવિ અનેક પ્રસંગે અને અનેક સ્થળે કરે છે. એમાં વૈવિધ્ય છે. કેટલીક વખત એમાં સામાન્ય નીતિ દેખાય છે. કોઈ વખત રાજનીતિ, કોઈ વખત ભાગ્યની પ્રબળતા, તો કોઈ વખત કર્મપ્રશંસા, વિદ્યાપ્રશંસા, મૂર્ખનિંદા, નામમહિમા, શીલપ્રશંસા, સત્યપ્રશંસા, કોણ ન છૂટ્યો?— તે વિશેનું વિધાન, કોઈ વખત સ્નાનપ્રશંસા, કોઈ વખત લક્ષ્મીની અસ્થિરતા, સજ્જનપ્રશંસા, દુર્જનનિંદા અને ધર્મમર્મ તો કોઈક વખત દૈવસ્તુતિ— આ વિભાગમાં જોવા મળે છે.

કવિએ પોતાના ઉપર સબળ અસર કરનાર પુરોગામીઓના સર્જનમાંથી નીતિકવિતા જેવા અંકો પણ રજૂ કર્યાં છે. જેમ કે:-

<u>સામાન્ય નીતિ</u> :- ઉંચા ઘાટ જિમ ઉજલે, સુણિ ચૂં મોજ સુજાણ ।
ગિરવા તે બોલે નહીં, પૂરણ કુંભ સમાંણ ॥ ૬॥
ખાલી રસ અહંકારમાં, કોકિલ ન ધરે ગર્વ ।
કાદમમાં પાણી લહી, દાદુર બોલે સર્વ ॥ ૧૩॥ (પૃ.૩.બ)

<u>રાજનીતિ</u> :- પ્રજા મૂલ રાજા તરુવર સમ, મંત્રીજન તે સાખ ।
સૈનક પાન સમાંન કહીજે, ફલ ફૂલ તે સુખ લાખ ॥ ૧૨॥
મૂલ વિણાસક કોઈ પાપ, ફૂલે ફલે સુ કહિયે ।
મૂલ રાખી જે જતન કરીજે, વિણ તરુવર લહ લહિયે ॥ ૧૩॥ (પૃ.૪.બ)

<u>ભાગ્યની પ્રબળતા</u> :- ભાવીકમ વિધના તે ન મિટે, જો જાવે પાયાલિ ।
ભાવે જાવે સાગર પારે, પરબત શિખર ભાલિ ॥ ૧૯॥
વાસુદેવ બલદેવ મહાબલ, તીન ખંડ જિણ જીતા ।
દ્વારિકા દાહ તણો દુખ દેખી, વનવન ફિરયા વહીતા ॥ ૨૦॥
પાંચે પાંડવ સુભટ શિરોમણિ, કર્મે કીધા દાસ ।
બાર વરસ માતા જિમ સાથે, દુખ સહ્યા વનવાસ ॥ ૨૧॥

<u>કર્મ પ્રાબલ્ય</u> :- કર્મે હરચંદ જલ વહે, નૃપ તણો ઘર જાય ।
સીતા સરિખી જિણ સતી, કર્મે કલંક ચઢાય ॥ ૨૯॥
કર્મે પાંડવ વન ભમે, મુંજ ભિખ્યારી હોય ।
કર્મે કૌરવ ક્ષય ગયા, તિમ વલિ રાવણ જોય ॥ ૩૦॥
કર્મે હરિયા સૂખલા, કરમે મોર વિચિત્ર ।
કર્મે કાલા કાગડા, કરમે હંસ પવિત્ર ॥ ૩૧॥ (પૃ.૭.બ)

<u>નામ મહિમા</u> :- બલ અગાધ રામાં નાંમનો કરી જનમ દરિદ્રી કેરે । ૧ ।
નાંમ ભલો જિણ વિપ્રનો, ઇ વિણ ગરજ સરે નહીં તેણ ।
વિશ્વંભર નાંમ દીજિયે, જિન ઉદર ભરે દુખેણ ॥ ૨॥
ખારી નાંમ કપૂર દે, કસ્તૂર દેવલિ હોય ।
હાથ થકી વિણ ખૂંણનો, કલી ન ખાવે કોઈ ॥ ૩॥
રૂપા આગરા નાંમ ધરે, ભાગે મરે નર લોય ।
નાંમ પરમારે નહીં, વચન કહે સહુ કોય ॥ ૪॥
લખમી નાંમે લહુ ઘરે, ચિંતા કરે સદીવ ।
દોસ દિયે વિણજી તણી, દિયે ઉલંભા જીવ ॥ ૫॥ (પૃ.૨૧.બ)

<u>સાત સુખ</u> :- - - - - - તે સુખ સાત કહાય રે ।
શીલ નીરોગ સુખ પ્રથમ એ, બીજો રિણ નવિ થાય રે ॥૧૦॥
તીજો સુખ સજિયો નહી, ચોથો નિર્ભય ઠામ રે ।
ગુણીજણ સુખ સંગ પાંચમો, છઠો સુખ નારી ધામ રે ॥૧૧॥
સાતમ સુખ ધન વિલસીએ, ધન સગલાં સિરદાર રે ॥૧૨॥
- - - - - - - - -

<u>કોણ ન સુએ?</u> :- ન સુએ બહુ ધણ ખાંદ ।
ન સુએ નિરધન નેં ધનવંત, ન સુએ રાજા રાજ કરંત ।
ન સુએ વેશ્યા ન સુએ ચોર, ન સુએ ઘણ ગાજંતઈ મોર ॥૧॥
ન સુએ જિણ ઘર બહુ ઇંરાર, ન સુએ બિહું નારી ભરતાર ।
ન સુએ નિશ્ચે બજર તલાર, ન સુએ નિગુણ નેં જુઆર ॥૨॥
(પૃ.૪૩.બ)

<u>સંસારની અનિત્યતા</u> :-
સંધ્યા રાગ સરી સંપદ નદી તરંગ સમ લછિમી ।
કુલક તિર હો પરી ઘર હીએ, બીસાસા લગિ નારી ।
બાંધવ પુત્ર સગાસાંન ભૂમિ લગિ, પુન્ય પાસ સઈયારી ॥૧૩॥ (પૃ.૪૯.બ)
જબ જબ વિષય જણા એ કારણ, ઇંદ્રી ગંઅ પાપી ।
પુખ જોડા પરણાએ કુડુમ્બ, કરમ જોર સંતાપી ॥૧૪॥ (,, ,,)

- - - - - - -

મન પછતાપ કરે તે મૂરિખા, કબ ગ્રીખમા કબ બરિખા રે ॥૯॥
(પૃ.૪૬ અ)

<u>વણિકનિંદા</u> :- વણિક જાતિ પંડિત કહે રે આગલિ બુદ્ધિ હોઈ રે ।
પુન્ય પાપ કાંઈ નવિ ગિણે રે, લોભ લાગો સોઈ રે ॥૫॥
(પૃ.૬૬ બ)
દેતાં લેતા ધન પરતણે રે, કરવતી જિમ બે કાપિ રે ।
અધક લેઈ ઊઠા દિયે રે, વણિ બહુ સંપાપ રે ॥૬॥ (પૃ.૬૭ અ)
મીત હુઆ નિજ સ્વારથે રે, કઠણ ચિત્ત પર કાજ રે ।
ધરિ ગુઝે સાહની પરેં રે, મૃગ જિમ રિણ જાય ભાજિ રે ॥૭॥ (પૃ.૬૭બ)
રીઝ્યા કરિ તાલી દિયે રે, ખાંગ્યા આપે ગાલિ રે ।
આખી ઓરે અઉહટે રે, કીજે મીત સંભાલિ રે ॥૮॥ (,, ,,)

આ બધાં વિધાનો - સામાન્યવિધાનો - કવિની પોતાની રચના નથી પણ પ્રજાના જીવનમાંથી લાંબા અનુભવને પરિણામે સ્વીકારાયેલાં અને પ્રજામાનસમાં કોઈને કોઈ
૨૩૩ રીતે પ્રતિષ્ઠિત બનેલાં સત્યો છે. અહીં તો કવિની એ વિધાનો રજૂ કરવાની શક્તિનો અને રીતનો ખ્યાલ આવે તેટલા માટે મૂક્યાં છે.

શામળના સર્જનમાં આવાં ઠેરઠેર આવતાં વિધાનો આ કવિએ પણ કર્યાં છે એ દૃષ્ટિએ એનું ઐતિહાસિક મૂલ્ય પણ છે. મારવાડીની અસર-વાળી કવિની ભાષા શીખવામાં કદાચ અભ્યાસીને ન ફાવે પણ એક વખત એનો પરિચય થઈ ગયા પછી સહેલાઈથી સમજી શકાય એવી અને રસ પડે એવી છે. સ્થળે સ્થળે વર્ણન, અલંકાર, વાર્તાકથનનો વેગ વગેરે દ્વારા કવિ પોતાની કૃતિમાં ચમક પણ લાવી શકે છે.

કવિ પોતાની વાર્તાને ખંડોમાં વહેંચી નાખે છે, એવા ત્રણ ખંડ એણે આપ્યા છે. પ્રાસ્તાવિક વાર્તા પૂરી થાય છે ત્યાં પહેલો અને પૂતળીઓ વાર્તાઓ કહેવાનું શરૂ કરે છે ત્યાં બીજો ખંડ પૂરો થાય છે.

આ કૃતિની વસ્તુસંકલના અંગે એક પ્રશ્ન થાય છે. બધા જ કવિઓએ ચિત્રના મૃત્યુ બદલે તેને પુત્ર નહોતો એમ કહ્યું છે પણ અહીં એકે વાર્તામાં ચાલાક દેવદત્ત ચિત્રનું પારખું જોવા તેના પુત્રને સંતાડી દે છે એ હકીકત કહી છે — તો એ પુત્રનું શું થયું — એ પ્રશ્ન વાર્તાઓમાં લટકતો જ રહી જાય છે — બનતે એ વાતનું કવિને વિસ્મરણ થયું હોય.

હીરકલશની કૃતિ જેમ આ વાર્તાઓને ઉપાધ્યાયના બંધનમાંથી લોકપ્રિય બનાવીને લોકોમાં ફરતી મૂકે છે તેમ આ કૃતિએ કર્યું હોય તેમ લાગતું નથી. જો કે એના ઢાળના ગેયક છંદોને કારણે જ્યાં જ્યાં એ વાંચન-ગાન સંભળાવાતી હશે ત્યાં ત્યાં એણે લોકોનાં મન હરી લીધાં હશે એમ લાગે છે ખરું. શૃંગાર પૂરતી જેટલી મુક્તતા હીરકલશમાં છે તેટલી આ કૃતિમાં દેખાતી નથી. અવતરણોની સમૃદ્ધિ પણ હીરકલશ કરતાં આ કવિમાં ઓછી છે. આમ છતાં પણ વિનયલાભની આ કૃતિ એનાં ભાષા, વર્ણનો, સામાન્યવિધાનો, ઢાળ, છંદ - વગેરેને કારણે એક નોંધપાત્ર કૃતિ તરીકે ગુજરાતી સાહિત્યમાં અવશ્ય સ્થાન પામે એવી છે.